# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-03-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યભરમાં હર્ષોલ્લાસનાં વાતાવરણ સાથે ધુળેટીના તહેવારની ઉજવણી થઈ રહી છે.
2) રાજકોટના એક એપાર્ટમેન્ટમાં આગ લાગતાં ત્રણના મોત , વડોદરામાં બે અકસ્માતમાં છ લોકોએ જીવ ગુમાવ્યાં.
3) રાજ્યભરમાં 108 ઈમરજન્સી સેવાને આજે સાંજ સુધીમાં ત્રણ હજાર 485 ઈમરજન્સી કૉલ મળ્યા
4) અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ વિકાસકામને મંજૂરી
5) રાજ્યભરમાં આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# DHULETI OVERALL-1

રાજ્યભરમાં આજે પરંપરાગતથી લઈ આધુનિક રીતથી એમ દરેક પ્રકારે ધામધૂમથી ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવી. અમદાવાદ , વડોદરા, રાજકોટ, સુરત સહિતના મહાનગરોમાં ઠેરઠેર મોટા પાર્ટી પ્લૉટ , ક્લબ, શેરીઓ અને સોસાયટીઓમાં તેમ જ મંદિરથી લઈ અનેક સ્થળે રંગપર્વની ઉજવણી કરવામાં આવી.

દેવભૂમિદ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ જગતમંદિરમાં આજે બપોરે ભક્તો હર્ષોલ્લાસ સાથે ફૂલડોલ ઉત્સવમાં સહભાગી થયા. ભગવાન દ્વારકાધીશને ચાંદીની પિચકારી, અબીલ ગુલાલ અર્પણ કરાયું તેમ જ ઉત્સવ આરતી કરીને ફૂલડોલ ઉત્સવનું સમાપન થયું હતું. આ અંગે મંદિરના પૂજારી દિપક ઠાકરે માહિતી આપી.

(બાઈટઃ દિપક ઠાકર, પૂજારી, દ્વારકાધીશ મંદિર)

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ આજે ગાંધીનગર રાજભવન ખાતે રંગોત્સવમાં રંગાયેલા જોવા મળ્યા હતા. દરમિયાન નિવાસી રાજસ્થાની કલાકારોએ ડફલી અને ઢોલની મધૂર ધૂન પર પરંપરાગત ગેર નૃત્ય રજૂ કર્યું હતું.

ગાંધીનગરમાં આજે વણઝારા કુટુંબે હોળીનો ભવ્ય ઉત્સવ ઉજવ્યો હતો. દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારી મંજિતા વણઝારાએ ઘૂમર નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. આ ઉત્સવમાં 500 જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણાના વિસનગરમાં વર્ષોથી ધુળેટીના દિવસે લોકો એકબીજા પર ખાસડા ફેંકીને ઉજવણી કરતા હોય છે, જે ખાસડા યુદ્ધ તરીકે પ્રચલિત છે. હવે સમય જતાં ખાસડાનું સ્થાન શાકભાજીએ લઈ લીધું છે. તેમ છતાં આજે પણ શહેરીજનોએ વર્ષો જૂની આ પરંપરાને સાચવી રાખી છે. આ અનોખી પરંપરા અંગે એક સ્થાનિકે માહિતી આપી હતી.

(બાઈટઃ સ્થાનિક, મહેસાણા)

# DHULETI OVERALL-2

છોટાઉદેપુર જિલ્લામાં હોળી પહેલાના સાત દિવસ અને હોળીના છ દિવસ સુધી વિવિધ મેળાઓ યોજાય છે , જેમાં આદિવાસી સમુદાયના લોકો પરંપરાગત પરિધાન સાથે મેળામાં જોડાતા હોય છે.

પોરબંદર જિલ્લામાં સાંદિપની વિદ્યા નિકેતનમાં આવેલા શ્રીહરિ મંદિરના તમામ શિખર પર વિધિવત્ પૂજન સાથે નૂતન ધ્વજારોહણ કરવામાં આવી. ત્યારબાદ ફૂલડોલ ઉત્સવ ઉજવાયો હતો.

જુનાગઢમાં કેશોદના ઈસરા ગામમાં ધૂણેશ્વર બાપાના સાંનિધ્યમાં યોજાતા ધૂળેટીના મેળામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. ભક્તોએ ધૂઘરીનો પ્રસાદ ધરી, મુંઠી ધૂળ અર્પણ કરી દર્શનનો લ્હાવો લીધો. તેમ જ લોકોએ અશ્વસવારો દ્વારા બતાવાયેલા કરતબ નિહાળ્યા હતા. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ સંજીવ મહેતા, પ્રતિનિધિ, જુનાગઢ)

અરવલ્લી જિલ્લાના માલપુરના પરસોડા ગામ રાજ્યનું એક માત્ર ગામ છે , જ્યાં રાત્રે નહીં પણ દિવસે હોલિકા દહન થાય છે. ગામના અનેક શ્રદ્ધાળુઓ મશાલ તૈયાર કરી હોળીની પ્રદક્ષિણા કરે છે. આ અંગે ગામના અગ્રણી રામ પાંડોરે માહિતી આપી.

(બાઈટઃ રામભાઈ પાંડોર, ગામ અગ્રણી)

આ ઉપરાંત શામળાજી ખાતે ભગવાન શામળિયાને ચાંદીની પિચકારીથી રંગનો છંટકાવ કરાયો હતો.

બોટાદમાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં આજે રાજસ્થાનથી લવાયેલા 51 હજાર કિલો પ્રાકૃતિક રંગથી બે લાખથી વધુ ભક્તોએ ધુળેટી ઉજવી હતી. દરમિયાન હનુમાનજી દાદાને પિચકારી અને અનેક રંગોનો શણગાર પણ કરાયો હતો

# VADNAGAR –HATKESH MANDIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી 24 માર્ચે મહેસાણાનાં વડનગરના અતિ પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મંદિરના સુવર્ણ શિખરનું અનાવરણ કરશે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, વડનગર ખાતે આગામી 22મી માર્ચથી ત્રિ-દિવસ મહોત્સવ દરમિયાન જળયાત્રા , હવન સહિતના કાર્યક્રમ યોજાશે , જેમાં યજ્ઞશાળાને ખુલ્લી મુકી, નવનિર્મિત સપ્તેશ્વર મહાદેવ મંદિરની પ્રતિષ્ઠા કરાશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલા લાઈટ એન્ડ સાઉન્ડ શોનું પણ લોકાર્પણ કરાશે.

. . . . . . . . . . . . .

# REV RAJKOT FIRE

રાજકોટમાં આજે આગના બનાવમાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. 150 ફૂટ રિંગ રોડ પર આવેલા એટલાન્ટિસ એપાર્ટમેન્ટમાં લાગેલી આગની ઘટનામાં પાંચથી છ લોકો દાઝી ગયા હતા , જેમાંથી ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે બે લોકો હજી સારવાર હેઠળ હોવાનું શહેરના ઝોન ટૂ D.C.P. જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું.

## (બાઈટઃ જગદીશ બાંગરવા, ઝોન ટૂ DCP)

ઘટનાસ્થળે પહોંચેલા અગ્નિશમન દળના જવાનોએ હાઈડ્રોલિક લિફ્ટની મદદથી 10 માળ સુધી પહોંચી 50થી વધુ લોકોને સલામત રીતે નીચે ઉતર્યા હતા. તેમ જ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગ્યાનું જાણવા મળતાં વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# VADODRA ACCIDENT

વડોદરાના પોર નજીક અકસ્માતની ઘટનામાં ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે. પાવાગઢ દર્શન કરીને પરત સુરત આવતી વખતે , વડોદરાના પોર નજીક કાર હાઈવે પરથી નીચે ઉતરી જતાં આ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતાં. જ્યારે પાંચ લોકોને ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અન્ય એક બનાવમાં વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આમ્રપાલી સોસાયટી પાસે કારચાલકે સ્કૂટરને ટક્કર મારી હતી. જેમાં ત્રણ લોકો મોત થયા છે . મૃતકોમાં એક પુરુષ , એક મહિલા અને એક બાળકનો સમાવેશ થાય છે.પોલીસે કાર ચાલકની ધરપકડ કરી છે.

. . . . . . . . . . . . .

# 108 EMRI

રાજ્યભરમાં 108 ઈમરજન્સી સેવાને આજે સાંજે છ વાગ્યા સુધીમાં ત્રણ હજાર 485 ઈમરજન્સી કેસ મળ્યાં છે. સત્તાવાર યાદી મુજબ માર્ગ અકસ્માતનાં 715, મારામારીનાં 360 અને નીચે પડી જવાનાં 209 કેસ મળ્યાં હતાં. સૌથી વધુ માર્ગ અકસ્માતનાં 95 કેસ અમદાવાદ અને 93 કેસ સુરતમાં નોંધાયા છે. જ્યારે વડોદરામાં 51 અને રાજકોટમાં 34 કેસ સામે આવ્યાં છે. આ સિવાયનાં જિલ્લાઓમાં માર્ગ અકસ્માતનાં કેસમાં 30 કે તેથી ઓછા નોંધાયાનાં અહેવાલ છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# AMC

અમદાવાદ મહાનગરપાલિકાની ગઈકાલે યોજાયેલી સ્થાયી સમિતિની બેઠકમાં વિવિધ વિકાસકામની મંજૂરી આપવામાં આવી. તે અંતર્ગત પૂર્વ ઝોનનાં નિકોલ વોર્ડમાં ગોપાલ ચોકથી જીવનવાડી ડ્રેનેજ પંપીગ સ્ટેશન, ડ્રેનેજ લાઈન માટે રૂપિયા બે કરોડ 27 લાખના કામોને મંજૂરી આપવામાં આવી.

આ ઉપરાંત શહેરનાં વિવિધ માર્ગ પર મશીન હૉલ કવર ફીટ કરવા સરવેની કામગીરી તેમ જ આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને સ્વસ્છતાની કામગીરી માટે રૂપિયા ચાર કરોડ 58 લાખ રૂપિયાની મંજૂરી આપવામાં આવી.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યભરમાં આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી છે. દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છનાં કેટલાંક વિસ્તારમાં અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે, હીટવેવની શક્યતા છે. ત્યારબાદના દિવસોમાં તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે. હવામાન ખાતાની સત્તાવાર યાદી મુજબ, ગત ચોવીસ કલાકમાં મહત્તમ તાપમાન 39.6 ડિગ્રી સેલ્સિયસે પહોંચ્યું છે.

સૌથી વધુ 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટ, જૂનાગઢનાં કેશોદ, કચ્છનાં કંડલા હવાઈમથક અને કંડલા બંદર પર નોંધાયું છે. જ્યારે અમરેલી, અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો 40 ડિગ્રીએ પહોંચ્યો છે. આ સિવાયનાં જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 32 થી 39 ડિગ્રી સેલ્સિયસ સુધી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# RAJKOT–TAFFIC BHARTI

રાજકોટની ચાર નગરપાલિકાની ટ્રાફિકબ્રિગેડમાં 23 ઉમેદવારની માનદ સેવક તરીકે ભરતી કરાશે. ગોંડલ નગરપાલિકામાં 8 , જેતપુર નગરપાલિકામાં 11 અને ધોરાજી નગરપાલિકામાં 4 એમ કુલ 23 મહેકમ ખાલી પડેલી હોવાથી માનદ સેવકોની ભરતી આગામી એપ્રિલમાં કરાશે. ઉમેદવારોએ 30 માર્ચ સુધીમાં પોતાની અરજી ગોમટા ટ્રાફિક પોલીસ મથક ખાતે જમા કરાવવાની રહેશે.

જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ , રાજકોટ ગ્રામ્ય દ્વારા સંચાલિત આ ભરતીમાં જોડાવા ઇચ્છતા ઉમેદવારો માટેની લાયકાતમાં ઉંમર 18 થી 35 વર્ષ , ધોરણ 10 પાસ, પુરુષ ઉમેદવાર માટે ઉંચાઇ 5 ફુટ 6 ઇંચ , મહિલા ઉમેદવાર માટે ઉંચાઇ 5 ફુટ તેમજ પુરૂષ ઉમેદવાર માટે દોડ 4 મીનીટમાં 800 મીટર અને મહિલા ઉમેદવાર માટે દોડ 2.5 મીનીટમાં 400 મીટર પૂર્ણ કરવાની રહેશે.

. . . . . . . . . . . . .

# KRUSHI PRAGATI APP

રાજ્ય સરકાર દ્વારા "કૃષિ પ્રગતિ" મોબાઇલ એપ્લિકેશન રજૂ કરવામાં આવી છે. એપ્લિકેશનથી ખેડૂતો આધુનિક ટેકનોલોજીનો લાભ લઈ ,મોબાઇલ એપ્લિકેશન દ્વારા સેટેલાઈટની માહિતી, હવામાનની માહિતી, કૃત્રિમ બુદ્ધિની તમામ માહિતી મેળવી શકશે.

" કૃષિપ્રગતિ" મોબાઇલ એપ્લિકેશન દ્વારા ખેડૂતો પાકની વાવણીથી લઈ કાપણી સુધીનું આયોજન કરી શકશે. આ એપ્લિકેશનથી ખેડૂતો પાકમાં આવેલા રોગ અંગે જાણી શકશે અને સાથે જ રોગ જીવાતના ફોટો એપ પર ઉપયોગ કરીને AI દ્વારા રોગ અને જીવાતની કેવી રીતે નિયંત્રણમાં રાખવી તેની માહિતી મેળવી શકશે. આ એપ્લિકેશનથી ખેડૂતો આસાનીથી ગૂગલ પ્લેય સ્ટોર દ્વારા પોતાના મોબાઇલમાં ઇન્સ્ટોલ કરી શકશે. વિનામૂલ્યે સેવાનો લાભ મેળવી શકશે.

. . . . . . . . . . . . .